





નાશી જશે કટ્ટરો અહીં ખાલી'-સ્તાન થઇ જશે!
ને એના આગમન પછી સૌ-મસ્તાન થઇ જશે!
કબ્રસ્તાન જેવી શાંતિ સ્થપાસે સરહદો પર -
ધર્મ-ધ્વજ ભારત ફરી 'હિંદુસ્તાન' થઇ જશે!
(હવામાન - આગાહી)




ઇવીએમમાં
સપનાં સામ્રાજયનાં
પૂરાંયાં કેદ!

બે, બે ગુન્હામાં
બંધાઇ ગયો અંતે
ડાહ્યો કાગડો...

## ચિંતન

*કાલઃ સમાવિષમકરઃ પરિભવ સંમાનકારકઃ કાલઃ । કાલઃ કરોતિ પુરૂષં દાતારં યા ચિતારં ચ ॥*

'સમય, કાળ, વખત-પરિસ્થિતિ-સંજોગ જ માણસને સમાન કે અસમાન બનાવે છે, તો ક્યારેક માન-સન્માન કે અપમાન પણ કરાવે છે, સમય જ મનુષ્યને ઉદાર-દાતાર કે ભિક્ષુક બનાવે છે.'

જયોતિશાસ્ત્ર અનુસાર પણ જન્મ સમય પર આધારિત કુંડળી જો સાચો સમય અને વિદ્વાન જયોતિષી હોય, તો જીવનની ક્ષણે ક્ષણની કોમ્પ્યુટરાઇઝડ માહિતી પ્રાપ્ત થઈ શકે છે. જયોતિષ શાસ્ત્રમાં વિશ્વાસ રાખનાર 'સમય'- 'કાળ' ને પકડી પગલાં ભરે છે. ગમે તેવા-તેટલા રાજનીતિજ્ઞો પણ ઉમેદવારી ફોર્મ ભરવાથી કરી સપથવિધિ પણ 'સમય' જોઇને જ કરતા હોય છે.

જીવનમાં વારાફરા આવતા રહે છે કે ક્યારેક સૂર્ય ચઢતો હોય બધા નિર્ણયોના પાસા સવળા પડે પણ જો સમય ખરાબ આવવાનો હોય ત્યારે એવી જ બુદ્ધિથી અવળા નિર્ણય લેવડાવે છે અને માણસ ફેંકાઇ જાય છે. સંજોગ-પરિસ્થિતિથી ક્યારેક માન-સન્માન મળે અને ક્યારેક બદનામી જેલમાં પણ જવું પડે. સંજયદત્ત, એન.ડી. તિવારી, નટવરસિંહ, જશવંતસિંહ, અડવાણી આવા જ સમયે પરિવર્તનના શિકાર છે.

સમયને પારખી, વિચારી નિર્ણય લેવા જોઇએ.

## સુવિચાર

- જીવનમાં કશું જ સંપૂર્ણ નથી, તમે સંપૂર્ણતા શોધવા જશો તો સમસ્યા જ મળવાની!! *- રમેશ ઓઝા*
- રાત્રે ઇશ્વરે એક વરદાન પસંદ કરવા કહ્યું : એક કાં તો મિત્ર પસંદ કર કાં તો ઉત્તમ યાદ શક્તિ, સવારે મને યાદ નથી આવતું કે મેં શુ પસંદ કરેલું *- જાપાની કહેવત*
- ભવિષ્યની ચિંતા પછી કરજો, પણ પહેલાં વર્તમાનને તો યોગ્ય રીતે જીવો *- રાજચંદ્ર*
- લક્ષ્મી ચાંદલો કરવા આવી : આમાં 'નસીબ' ના નહીં 'તક' નાં ગુણગાન ગવાયા છે *- એસ. ભટ્ટાચાર્ય*
- બુદ્ધિશાળી વ્યક્તિને અવશ્ય ધ્યાનથી સાંભળો, કારણ ભૂલ કરવાનો તેમનો અનુભવ તમારા કરતાં વધુ છે *- ફાધર વાલેસ*
- વિચારોનું વાવાઝોડું કેટલાંકને દિશાવિહીન બનાવી દે છે તો અમુક લોકોને એ ઉંચકીને યોગ્ય માર્ગે મુકી દે છે *- ઇટાલીયન કહેવત*
- કેવળ દવાથી રોગ અમારો નહીં મટે, સંબંધ લાગણી પ્રેમ પણ જરાક ઉમેરજો સારવારમાં *- અદમ ટંકારવી*

*(સંકલન : દીપક વી. આસરા)*

## બોધ કથા

શ્રી રવિશંકર મહારાજ ખેડા જિલ્લાના અંતરાલ ગામડાંઓમાં ફરતા હતા એમને જાણવા મળ્યું ખેડૂતોને ચા, પાન-બીડી, તમાકુના અને દારૂના વ્યસન છે. રાત્રે પાદરમાં શેરી સભા ભરી બેસતા અને વાતચીતમાં ચર્ચા દ્વારા વ્યસનની બદી બાબત ચર્ચા કરી સાચી સમજ આપતા.

એકવાર એક ખેડૂતે આંખમાં આંસુ સાથે પોતાની ગરીબીની વાત કરી, દિકરીના લગ્ન હતાં પણ બચત ન'તી. મારાજે કહ્યું પણ આજે સાંજે જ હું તારા ખેતરે આવ્યો ત્યારે મેં જોયું જમીન તો સારી છે, અને બળદ પણ હૃષ્ટ-પુષ્ટ હતા.

ખેડૂતે હકારમાં માથું હલાવ્યું - પણ, મારાજ આગળ બોલ્યા તારા કોસમાં કાણાં ઘણાં હતા તેથી તું આખો દિવસ બળ ચલાવી કુવામાંથી પાણી કાઢે છે પણ ક્યારા સુધી બહુ જ ઓછું પહોંચે છે! ખેડૂતે સ્વીકાર્યું અને કહ્યું હા! બાપજી હું કાલે જ મોચી પાસે જઈ બધાં કાણાં થીગડે પૂરાવી દઈશ!

- પછી મારાજે આગળ કહ્યું તારા કોસમાં કાણાં તો કાલે જ પૂરાઇ જશે પણ તારા જીવતરમાં પણ દારૂ-તમાકુંના વ્યસનના કાણાં છે તેથી બચત રહેતી નથી વહી જાય છે. એ કાણાં કયો મોચી પૂરશે?! ખેડૂએ કાન પકડ્યા અને વ્યસનોનો ત્યાગ કર્યો.

Email - sureshchandrabhatt18@gmail.com

# શબ્દ અને સૂરના સાંનિધ્યમાં જીવન સતત પ્રાર્થના બની રહે છે, સંગીતમય બનવું એટલે ઈશ્વરમય બનવું

**Music, when soft voices die, Vibrates in memory**
**- Shelley**

સંગીત, જયારે મૃદુ સ્વરો વિલીન થાય છે. (પછી તે) સ્મૃતિમાં ઝંકૃત થયા કરે છે.

અંગ્રેજ કવિ શેલીની આ પંક્તિઓમાં સંગીતરસિકોની અનુભૂતિનો પડઘો સંભળાય છે. મનુષ્યની ઓળખાણ એની માણસાઇથી થાય છે. ફૂલોનો પરિચય એના રંગ-સુગંધથી મળે છે, આકાશનું હોવું એની નિઃસીમતામાં છે અને સંગીતનો દિવ્ય સ્પર્શ એની મધુરતામાં - Melodyમાં હોય છે. કોઇકે કહ્યું છે કે સૃષ્ટિનું જે સૌંદર્ય ઢંકાયેલું પડ્યુ છે, તેની પરથી કવિ પડદો ઉઠાવે છે અને પરિચિત વસ્તુઓ પણ જાણે કે અપરિચિત હોય તેવી મોહક બનાવી દે છે સત્ત્વશીલ કવિતામાં આ તાકાત છે. આવું જ સંગીત માટે કહી શકાય. મધુર સંગીત હૃદયની ભાષા છે.

કવિતા અને સંગીતનો સમન્વય થાય છે ત્યારે શબ્દ વધુ બળકટ બને છે અને સ્વર વધુ ઘૂંટાય છે. સોનામાં સુગંધ ભલે છે. સ્વરબદ્ધ કવિતા સંગીતની વિસ્મયજનક પ્રતીતિ કરાવી આપે છે, જયારે રાગમાં ગૂંથાયેલાં શિસ્તબદ્દ સ્વર કવિતાના અર્થચ્છાયોનો વિસ્તાર કરી આપે છે. કવિતા અને સંગીતનો સુભગ સમન્વય થાય છે ત્યારે ભાવક જાણે તંતુવાદ્ય હોય ને કોઇએ એની સંવેદનાના તારને મિજરાબની (નખલીથી) સ્પર્શ કર્યો હોય તેમ એ રણઝણી ઊઠે છે. Melody is the heart of music.

## હૃદયની ભાષા સંગીત
### અક્ષયપાત્ર
*- બકુલ દવે*

કેટલાંક પુસ્તકો વારંવાર વાંચવાનું મન થાય છે એવું જ સંગીત વિશે કહી શકાય. આપણી ભારતીય ફિલ્મોમાં અગણિત ગીતો ફરી-ફરીને સાંભળીએ તો પણ દરેક વખતે એમાં કંઇક નવું લાગે છે. કેટલાંક ગીતો તો આપણા જીવનભરનાં સાથી બની ગયાં હોય છે. કોઇ ખાસ સ્થળ હોય, કોઇ ખાસ વ્યક્તિને મળીએ કે સ્મરીએ અથવા તો કોઇ ખાસ ઘટના બને ત્યારે તેની સાથે જોડાયેલું ગીત સ્મૃતિમાંથી પસાર થઇ જતું હોય છે. આનાથી ઉલ્ટું, ક્યારેક ક્યાંક અતિ પ્રિય ગીત સાંભલીએ ત્યારે જાણે સમાધિ લાગી જાય છે ને દિવ્યચક્ષુ ઊઘડી જાય છે. નોલ્ટાવિજ્યામાં (અતીતરાગમાં) ચાલ્યા જઇએ છીએ. કોઇ ખાસ સમય સાથે સંકળાયેલી ઘટના, સ્થળ અને વ્યક્તિઓ મનઃચક્ષુ સામે પ્રગટ થતાં અનુભવાય છે.

શબ્દ અને સૂરના સાંનિધ્યમાં જીવન સતત પ્રાર્થના બની રહે છે. સંગીતમય બનવું એટલે ઇશ્વરમય બનવું. સંગીતમાં ડૂબકી લગાવ્યા પછી એવી ક્ષણો આવે છે કે માણસ 'કાનસેન' બની જાય છે. એને વહેતા ઝરણમાં, પક્ષીના કલરવમાં, દરિયાનાં ઊછળતાં મોજામાં અને શિશુના મનગમતા સૂર સંભળાય છે. એટલું જ નહીં, પણ ક્યારેક ઘોંઘાટમાં પણ એને સંગીત મળી આવે છે.

અકારણ ઉદાસી - અંગ્રેજીમાં જેને Melancholy કહે છે તેની પણ મજા છે - શરાબના કડવા ઘૂંટ જેવી. જોગિયા, શિવરંજની કે આહિરભૈરવમાં સ્વરબદ્ધ થયેલા શબ્દો ભીતર એવી ઉદાસી છલકાવી દે છે, જેમાં સૂક્ષ્મ આનંદની છાંટ હોય છે. આ ઉદાસીજન્ય આનંદ માણવા માટે પણ હૈયું જોઇએ, ભારોભાર સંવેદનશીલતા જોઇએ. આ સંદર્ભે જોઇએ તો સંગીત અને સાહિત્ય એક બિંદુએ મળે છે. શરદબાબુની 'દેવદાસ' કે પન્નાલાલની 'માનવીની ભવાઇ' વાંચીએ ત્યારે એમાં 'શિવરંજની' કે 'જોગિયા'ના સૂર નથી સંભળાતા?

ટાગોર 'Fire files' આગિયામાં લખ્યું છે : દુનિયા મારી સાથે મિત્રો દ્વારા વાત કરે છે, મારો આત્મા એમને સંગીત દ્વારા જવાબ આપે છે. કાલિદાસે 'અભિજ્ઞાન શાકુંતલ' માં લખ્યું છે : 'કંઇક રમ્ય જોવા મળે, કશુંક મધુર સાંભલવા મળે ત્યારે જીવોને તે વાગોળવાનો આનંદ આપે છે.'

# 'સાંપ્રત સમયમાં શ્રેષ્ઠ મનુષ્યત્વ જ જરૂરી છે' : ઉદ્યોગકાર વિઠ્ઠલભાઈ ઝાલાવાડિયા

'કોઇ પણ ક્ષેત્રમાં પ્રગતિ પાછળનો મૂળ મંત્ર સખત મહેનત, દૃઢ નિર્ધાર અને પ્રમાણિકતા જ હોય છે.' યુવા મિત્રોને માટે પ્રેરક શબ્દો કહ્યાં છે, ઉદ્યોગકાર અને હરહંમેશ મળવા જેવા માણસ વિઠ્ઠલભાઇ ઝાલાવાડિયા, જૂનાગઢ જિલ્લાના માણાવદર તાલુકાના થાણીયાણા ગામે તા. ૨૩-૦૮-૧૯૪૬ના રોજ જન્મેલા વિઠ્ઠલભાઇને પિતા સ્વ.શ્રીમતી સંતોકબહેન પાસેથી જીવન ઘડતરના પાઠ મળ્યા છે.



## મોંઘેરા મોતી
*- નટવર આહલપરા*

અનેક સુંદર વિચારોનાં માલિક વિઠ્ઠલભાઇની ચિંતા સકારણ છે. તેઓ દૃઢ રીતે માને છે કે ગામડાનાં વાજબી છતાં ઉચ્ચ શિક્ષણ, મેડિકલ સુવિધા વધુને વધુ પ્રાપ્ત થાય તે આજે અનિવાર્ય છે. વિઠ્ઠલભાઇએ બી.ઇ. મિકેનિકલ એન્જિનીયરીંગનો ઉચ્ચ અભ્યાસ મુંબઇમાં કર્યો છે. તેઓએ તા. ૦૯-૧૨-૧૯૭૨ના રોજ ઉપલેટા (જિ. રાજકોટ) ખાતે શ્રીમતી બેનાબહેન પણ બી.એ. સુધી ભણી દિક્ષિત અને શિક્ષિત છે. આ દંપતીને બે પુત્રો જયેશભાઇ અને સમીરભાઇ છે. બંને પુત્રો વ્યવસાયમાં સાથે રહી પિતાના આદર્શ મુજબ કામ કરે કરે છે.

કોમ્પ્યુટર યુગ વિશે વિઠ્ઠલભાઇ મંતવ્ય આપતા કહે છે કે, "આજના જમાનાની અત્યંત અનિવાર્ય જરૂરિયાત છે. જેમાં ઉંમર સાથે સંકલન હોવું જરૂરી છે." વાંચન માટે મર્યાદિત સમય મેળવતા તેઓશ્રીને ટી.વી. સિરીયલ જોવામાં રસ નથી. વર્ષમાં એકથી બે જે ધાર્મિક પ્રસંગ હોય ત્યારે તેઓ એકટાણું કરી લે છે. જાતે પાઠ-પૂજા કરતા વિઠ્ઠલભાઇએ સ્વદેશ - વિદેશમાં ઔદ્યોગિક હેતુસર પ્રવાસો કર્યા છે અને તેમાંથી તેઓને ઘણું શિખવાનું મળ્યું છે. કોઇ સંસ્થા સાથે ચોક્કસ રીતે સંકળાવા કરતા સર્જનાત્મક કાર્યો કરવામાં સંતોષ અને આનંદ માણતા વિઠ્ઠલભાઇ એ એક યાદગાર અકસ્માત પ્રસ્તુત કરતાં કહ્યું હતું કે,

'વર્ષ - ૧૯૭૨ની ઘટના છે. ચારે બાજુ અતિશય વરસાદ હતો. ટ્રેનમાં રાજકોટથી મુંબઇ જવાનું હતું. રેલવે સ્ટેશને જાહેરાત થતી હતી કે, ટ્રેન જયાં સુધી ત્યાં સુધી જશે. અમે મિત્રો વડોદરા પહોંચ્યા. બારે મેઘ ખાંગા થયા હતા. સાંબેલા ધારે વરસાદ વરસતો હતો. વડોદરા સ્ટેશનમાં ગોઠણ ડૂબ પાણી. એ સમયના મુખ્યમંત્રી શ્રી સ્વ. હિતેન્દ્રભાઇ દેસાઇ વડોદરા સ્ટેશનને પેસેંજરોની સંભાળ લેવા આવ્યા હતા. પાંચ સાત કલાક તો ભૂખ્યા તરસ્યા ગાળ્યા પછી હિંમત કરી પાણીમાં ચાલી નજીકની લક્ષ્મી હોટેલમાં પહોંચ્યો હતો. લગભગ બાર કલાક આવી યાતના વેઠી હતી. એ દૃશ્ય આજેય હું ભૂલ્યો નથી.'

ઇશ્વર, દેવ, ગુરુગ્રંથ ઉપર સો ટકા વિશ્વાસ રાખનારા વિઠ્ઠલભાઇએ પોતાના ગામમાં જૂનાં જમાનામાં સ્ત્રીઓને લાજ કાઢવાના રિવાજને જાકારો અપાવવામાં સક્રિય ફાળો આપ્યો હતો. એક પ્રેરક અવતરણ આપતા તેઓએ એમ કહ્યું હતું કે, 'કુટુંબમાં તથા જીવનમાં સંસ્કારનું રોપણ તથા સંસ્કારનું અણુકરણ અતિ સંસ્કાર અને ચારિત્ર્ય એટલા જ જરૂરી છે અને અનિવાર્ય પણ છે. તેના લીધે જ જીવનમાં સફળતા મળે છે.'

વિઠ્ઠલભાઇ, લાગણીસભર, શાંત અને સૌમ્ય વ્યક્તિત્વ ધરાવતા માણસ છે. તેમનો ઉમદા સંદેશ સૌ માટે પ્રેરક બની રહે તેવો છે, 'આજે માતાપિતાએ બાળકોને શિક્ષણ આપી. તેઓ મશીનમાંથી પૈસા પેદા કરે તેવા ન બનાવવા જોઇએ. પણ તેઓ શ્રેષ્ઠ મનુષ્ય બને તે જરૂરી છે.'

વિઠ્ઠલભાઇને ફોટોગ્રાફીનો શોખ હતો. તેઓ ભારતીય સંગીત સાંભળવા ઊંડો રસ ધરાવે છે. તેઓનું વ્યવસાય સંકુલ ગુડવીલ કન્ઝ્યુમર, ત્રીજો માળે, સિલ્વર ચેમ્બર્સ, ટાગોર રોડ, રાજકોટ ખાતે છે. તેમાં તેઓ મેનેજિંગ પાર્ટનર તરીકે કાર્યરત છે. તેમનો મો.નં. છે : ૯૮૨૫૦૭૩૨૩૨

ગિજુભાઇ બધેકાએ કહ્યું હતું કે, 'તમારી સામે જીવનમાં કોઇ આદર્શ છે? જો જવાબ હા છે, તો તમે જીત્યા છો.'

અનેક સંઘર્ષ વચ્ચે ઉભરી આવેલા શ્રી વિઠ્ઠલભાઇને અનેકાનેક શુભેચ્છાઓ, અભિનંદન.

# ગ્રીષ્મના વરણાગી વૈશાખને અવગણવાને બદલે તેનાં ઓવારણાં લઇ, તેને પણ આવકારીએ, ગ્રીષ્મના તડકામાં ખીલેલ કેસરવર્ણા કેસૂડા, લાલચટાક ગુલમહોર અને પીળા પીળા ગરમાળાના નયનરમ્ય સર્જાયેલ માહોલને માણીએ

*● નિબંધ સેતુ - ગ્રીષ્ણનો વરણાગી વૈશાખ*

વસંતનાં મંડાણ થતાં જ પ્રકૃતિનું કામણગારૂં યૌવન પૂર્ણપણે ખીલી ઊઠ્યું અને મહોરી ઊઠ્યું અને જોત-જોતામાં વસંતનો વાયરો સુગંધનો છંટકાવ કરતો, ધરતીને તરબતર કરી રહ્યો. પરંતુ, ચારેકોર વેરાયેલ વસંતને જાણવાની અને મનભર માણવાની દૃષ્ટિના અભાવને કારણે, આ આવેલ અણમોલ અવસર હાથમાંથી સરી રહ્યો છે, અને મનમાં આહભર્યો. વસવસો રહી જશે અને આ મઘમઘતી વસંત ક્યારે વરણાગી વૈશાખના વાયરાસંગ વાતુ કરતી વહેતી થશે, તેનું ઓહાણ પણ નહીં રહે. ટાલકું ફાડી નાખતો તીખો તડકો શરૂ થયો, ત્યારે જ ખબર પડી કે, વરણાગી વસંતે ઉચાળાભર્યા છે અને કાળઝાળ, લૂ ઓકતી ગ્રીષ્મનું જેટગતિથી આગમન થઇ રહ્યું છે!

આ ગ્રીષ્મના વરણાગી વૈશાખનું આગમન થતાં જ, માનવ, પશુ-પંખી અને જીવમાત્ર લૂ અને ગરમીથી ત્રાહીમામ પોકારી જાય અને જળવિણ. ધરતી બોકાહા નાંખે અને તૃષાતુર ધરતીની છાતીમાં આહની તિરાડો પડે અને સુવાંળી ધરતીને ડિલે ઝખમોનાં ચોલસાં પડવા લાગે! બળતી ચેહની ઝાળસમી અગન ઓકતી કાળઝાળ ગરમી ડિલને બાળે.

ભેંકાર વગડાને માથે તપતો, વૈશાખના બપોરને તડકો તાલકું ફાડી નાખે! ઉનાળો અજગર થૈ ભરડો લે અને પરસેવાની ધાર નીતરી રહે! વંઠેલ વટોળિયો રાસડા લે અને ધૂળની ડમરીઓ ઘૂમરડી લઇને દોટ મુકે! વૃક્ષે અને વેલીએ ડાળીઓ હિંચકા લે અને ઉછળતું, રૂમલતું ગોધણ શાંત થઇ, જોગીજટાળા વડ સાથે છાંયડે વાતે વળગે. ગમાણમાં બાંધેલ પશુઓ નિરાંતે વાગોળે! શેરીઓમાં દોડતાં શ્વાન, હાંફતાં હાફતાં છાંયડો શોધે અને સહેજ ભીંનાશ જોતાં, પગથી ખોતરીને તે માથે અડીંગો જમાવે. પંખીઓનો મીઠો કલશોર સમાઇ જાય અને પારેવડાં ગંભીર બની પોતાના નીડમાં લપાઇ જાય! સહેજ પણ ભય જોતાં, શેરો જેમ પોતાના અંગોને સીફ્તથી સંકોરી લે; તેમ કાળઝાળ ગરમી અસહ્ય થઇ પડતાં, સૌને ડારતો. વનરાજ કેસરી વૃક્ષઘટાની છાયામાં, લાંબા શ્વાસે હોંફ્તો છૂપાઇ જાય!

ડામરની કાળીભંઠ સડકો એ એ સડકો પર પૂરવગે ધૂમાડાના ગોટેગાઠાને નિઃસહાય છોડીને સરતાં વાહનોની પેટ્રોલ-ડિઝલની ગંધથી ઊભરાતા માર્ગો, નિંદ્રાધીન થઇને સૂનકાર બની જાય! આસપાસનો વગડો વેરાન બને અને ચકલુંય ન ફરકતાં કારમો ભેંકાર ભાસે!

હા! ધનિકો આલીશાન બંગલામાં, ડનલોપ પીલોની સુંવાળી શૈયામાં, એ.સી.નું સાનિધ્ય માણતા નીંદરુ માટે પડખાં ઘસ્યા કરે; જયારે જેને ઉપર આભ અને નીચે ધરા જ આકાર છે તેવા ગરીબ શ્રમજીવીઓ ક્યાંક ઝાડને છાંયે કાયા લંબાવીને થાકલો ઉતારે!

ચોમાસામાં અભરેભર્યું ખડ હોવા છતાં, ગર્દભ ચોમાસામાં દૂબળો પડે અને શિયાળાની શીતળતા માણી, ઉનાળાનાં વૈશાખની શરૂઆત થતાં જ આ ગર્દભની કાયામાં પુષ્ઠતા પાંગરે અને સૂકાતો જતો ગર્દભ મત્ત-માતેલો બને અને એટલે જ તો તેને 'વૈશાખાનંદન' તરીકે નવાજ્યા છે ને!

ચોમાસામાં પાણીની રેલમછેલ હોવા છતાં 'જવાસિયો' બળીને કાળોભંઠ થઇ જાય પરંતુ શિયાળાની ઠંડીમાં શીતળતાનો સંગાથ મળતાં, વૈશાખમાં ખીળીને લીલોછમ થઇ જાય!

આપણે આ ગરમીથી કે બળબળતી લૂથી બીવાની જરૂર નથી. સાબરને તીરે શોભી રહેલ 'સરિતા ઉદ્યાન' પાટનગર ગાંધીનગરનું એક અમોલ નજરાણું 'ઇન્દ્રોડા પાર્ક અને હરણોદ્યાન' તથા લાંબા પટ્ટે પથરાયેલ મહાત્મા મંદિરનો બગીચો આ ત્રણેય સ્થળોએ તેની લીલી લીલી વનરાજી અને વનરાજીને વિંધિને મંદમંદ વહેતો અને મહેંકતો પવન શીતળતાંના અમી સીંચે છે અને તેના સાનિધ્યમાં ગ્રીષ્મના ધોમધખતા વૈશાખની કાળઝાળ - આગ ઓકતી ગરમી જાણે ક્યાં પલાયન થઇ જાય છે, તેની ખબરૂસુદ્ધાં પણ પડતી નથી! ગાંધીનગરના છેડેનાં 'બાળ ક્રિડાંગણ' ના 'આમ્રકુંજ'માં મહોરી ઉઠેલ મોર અને આંબા ડાળે ટહુકતી કોયલનો મધુર ટહુકો વાતાવરણને ભર્યું ભર્યું બનાવી દે છે. તેના ઉપવનમાં મલકીને મહેંકી ઊઠતો પુષ્પો, જાણે ધરતી માથે બિછાવેલ લીલાછમ્મ ગાલીચાશી શોભતી લોન અને 'બાળ સરોવર'ની સહેલ દિલને તરબતર કરી, ઠંડક અર્પી, ગ્રીષ્મના વૈશાખની લૂને ભૂલાવી દે છે.

ગ્રીષ્મને ખાળવાનાં સ્થાનો ક્યાં ઓછા છે! અરે, પાટનગરની ગરવી ભૂમિ પર, તેના માથાના મુગટશું શોભતું, મોરનાં ઇંડા જેવું રૂપકડું અક્ષરધામ - જેની બાંધણી અને સ્વચ્છતાનો જગમાં જોટો ન જડે અને જેની ધાર્મિકતા માટે - દર્શન સારૂં દેવો પણ આકર્ષિત થાય અને ગાંધીનગરમાં તેમને અવતરવાનું મન થાય તેવું પવિત્રધામ, કે જે પાસેના ખોબા જેવડા બોરીજ ગામને દિપાવીને, પડખે વસેલ અને રાજયની ધૂરા સંભાળતા ધૂરંધરોને નીતિ-રીતિના પાઠ ભણાવી રહ્યું છે અને દેવાંશીરૂપનો જાણે અમીકંપો ઠલવાઇ ગયા હોય તેવા, આ અક્ષરધામના ગરવા રૂપની પ્રતિભા દેશ-વિદેશે પરિમલના પમરાટશી ચોમેર કોરી રહી છે, તેનું સાંનિધ્ય અને ખીલેલાં બગીચા અને આંખોને ઠારતી લોનની લીલીનાઘેર હરિયાળીની આલ્હાદકતા ગ્રીષ્મની ગરમીન સો સો જોજન દૂર રાખે છે. ગાંધીનગરના હૃદયકુંજમાં બિરાજમાન પંચદેવ, ગાયત્રીમંદિર, સ્વામિનારાયણ મંદિર, શ્રીનાથજીની હવેલી, ગાયત્રી મંદિર, જૈન દેરાસર, સાબરમતીનું તટનું ધોળેશ્વર મહાદેવનું મંદિર, સંત રોહીદાસ મંદિર વગેરેના સુવર્ણ કળશોને સૂર્યદેવનાં ઝળહળતાં કિરણો ચમકાવીને માનવીના શ્રદ્ધાદીપને જલાવી-દીપાવી રહ્યાં છે અને આ મંદિરોમાં આરતી ટાણે થતાં ઘંટારવ-ઘંટનાદ અને ઝાલરનો તીણો ઝણકાર, નીરસ વાતાવરણને ધર્મમય - શ્રધ્ધામય બનાવી પવિત્રકર્મો કરવા પ્રેરી રહ્યાં છે અને જો તેનું સાનિધ્ય માણથવામાં આવે તો, ત્યાં ખીલેલ વનરાજી અને મનમોહક વાડી જેવું લીલુકુંજાર હરિયાળું વાતાવરણ ગ્રીષ્મનાં - વૈશાખન થાકને પણ ઘડીવારમાં વિસરાવી દે તેવાં છે.

તો આવો, આ ગ્રીષ્મના વરણાગી વૈશાખને અવગણવાને બદલે તેનાં ઓવારણાં લઇ, તેને પણ આવકારીએ. ગ્રીષ્મના તડકામાં ખીલેલ કેસરવર્ણા કેસૂડા, લાલચટાક ગુલમહોર અને પીળા પીળા ગરમાળાના નયનરમ્ય સર્જાયેલ માહોલને માણીએ. કારણ કે આપણે આ બાબતે નસીબવંતા છીએ કે આ ત્રણેની ભેટ, ખોબલે ને ખોબલે પાટનગરના ચરણે કુદરતે ધરી છે!

અને હા, દેવો પણ દુર્લભ એવી ગ્રાષ્મની મહામૂલી ભેટ - રસમધૂર કેરીનું નિર્માણ તો કુદરતે આ ગ્રીષ્મની ગરમીને ખાળાવા જ કર્યું છે ને! તો આ સુમધુર રસપાન કરવાનું ન ચૂકીએ અને સાથેસાથ ગ્રીષ્મનાં ફળે - તડબૂચ અને ટેટીનો સ્વાદ માણવાનું. પણ ન ભૂલીએ અને વધુમાં ગરમીના ભેદક - કુદરતી ફળોનાં રસનાં પીણાંનો પણ ક્યાં તોટો છે!

તો, આવો, આ સુમધુર ફળોના રસની જેમ, સેવાના સદ્ગુણોને જીવનમાં અપનાવી, દુર્ગુણોનાં છોતરાં - છોડિયાં/ગોટલાંને ત્યજી દઇએ અને ધોમધખતી ગ્રીષ્મની લાહ્ય ઝરતી લૂમાં પણ, જીવનને સેવાથકી, સાહિત્ય સર્જક કરી ખુશખુશાલ - અમીઝરતું શીતળ બનાવીએ.

- દધિ

## સર્જકો અને ભાવકો વચ્ચેનો સેતુ
## શબ્દ સેતુ

*સંપાદકો : નટવર હેડાઉ/મૂળજીભાઇ પરમાર 'દધિ'*

## કાવ્યસેતુ

***વૈશાખી બપોર***

વસંતની વધાઇ દૈ ગયો ચૈત્ર.
લૂ લૈ આવ્યો વૈશાકી બપોર!
આમ્રકુંજે છૂપાઇને, શરમાતી
કોયલે કરતી કલશોર!
  કેસરવર્ણો અરધે કેસૂડોને
  લાલચટાક ગુલમહોર,
  પીળો પીળો ખીલ્યો ગરમાળો હસ્યો -
  અમે ખીલવાના હવે પોર!
પ્રભાતે ખીલતી રૂડી વસંતને
પ્રજાળે તું વૈશાખી બપોર!
આસમાને ભાસ્કર ક્રોધે તપતો,
બતાવતો દુર્વાસાનો તોર!
  નવરંગી ચૂંદડી રંગે ઘેરી થૈ,
  રંગો હર્યા વૈશાખી બપોર!
  નેણનાં કાજલને ભાલનાં કંકુ
  રેલાતાં ગોરીના ગાલે બપોર!
તપતાં કિરણો, તાતાં તીર બની,
સોંસરવાં વાગે ભરબપોર!
કંઠે પાડે છે પાણીના સોસ બહુ,
દેહે છૂટે પ્રસ્વેદની છો!
  વગડામાં બધે વૃક્ષેને વેલીએ
  ખીલી ઊઠે વસંતનો ભોર!
  એ મુક્તને નિર્દોષ હાસ્ય વિલાય
  જયાં બળબળતો જામે બપોર!
ધડૂક્યો ઢોલ ને શરણાયું વાગે,
લગ્નગીતોનો ગાજતો શોર!
પરસેવાનાં ભલે ઉમટે પૂર,
તોય પૈણવું ખરેબપોર!
  ભરચોમાસે ને શિયાળે સૂકાતો,
  વધતું વૈશાખે જેનું જોર!
  મદમતો થૈ, વૈશાખાનંદન થ્યો,
  ને હોંચી... હોંચી... મચાવે શોર!
ચોમાસે જે પ્રજળતા જવાસિયા,
લીલૂડા થ્યા વૈશાખી બપોર!
ઉછળતો 'દધિ' શાંત થઇ બેઠો,
તુજ કારણે વૈશાખી બપોર!

*- મૂળજીભાઇ પરમાર 'દધિ'*

***મિડિયા***

દુશ્મનોની દૃષ્ટિમાં એ ઝેરીલી સર્પણ છે,
વાસ્તવમાં તો એ સમાજનું જ દર્પણ છે
તર્પણ છે સત્ય શોધતું મિડિયાનું તંત્ર -
જીવના જોખમે એ સમાજનું અર્પણ છે...

*- સુરેશ. પ્રા. ભટ્ટ*

***ગઝલ પાવક***

ગઝલ ચાલે માફક જો માફક ન લાગે!
ગઝલ ચાલે માદક જો માદક ન લાગે!
લેખાં જોખાં જનમે મરણનાં શું કરીએ?
નેહભાવ ન પ્રગટે અંતરમાં શું કરીએ?
ધ્યાન પ્રાણાયામથી સુચિતા જો ન પામીએ,
નિર્મળતા ન અંતરે પ્રેમ ક્યાંથી પામીએ?
યાત્રા તિર્થધામોંમાં આનંદ જો ન પામીએ.
સુભાવના તરાપે સાયુજ્ય ક્યાંથી પામીએ?
સત્યમ્ શિવમ્ સુંદરમ્ પરમાનંદ મોજે.
ભક્તિ સેવા કૃપા મળે પરમેશ્વર મોજે.
ગઝલ ચાલે પાવક જો પાવકશી લાગે?
ગઝલ ચાલે પાવન જો પાવનથી લાગે?

*- સુમંતભાઇ મં. શાહ*